





હવે તો બધા ધર્મની માળા-તસ્બી ફેરવવી પડશે!
ચારે તરફથી ટીકા, મૌન રહી, જીરવવી પડશે!
પહેરવી પડશે ટોપી, સાફા ને પાઘ પ્રસંગોપાત -
ગમે કે ન ગમે, કોમી સૂગ હવે ખંખેરવી પડશે!
(કૂવાનાં દેડકાં નહીં, હવે દરિયાઇ મચ્છ)

કોમ્પ્યુટ યુગે
- ઘર નંબર પ્લેટ,
ગાંનપા ખેલ!
(મુસાભાઇનાં 'વા'ને 'પાણી')

બોફોર્સ છૂસ..
ફૂટશે હોવિત્ઝર -
હવે ચર્ચામાં..
(અમેરિકી તોપ)




## ચિંતન

**શુભ્રં સદ્મ સવિભ્રમા યુવતયઃ શ્વેતાતપત્રો જ્જવલા । લક્ષ્મી રિત્યનુ ભૂયતે સ્થિર મનુસ્યૂતે શુભ કર્મણિ ।**
**વિછિન્ને નિરરામનંગ કલહ ક્રીડા મુર ત્રન્તુ કં મુક્તા જાલ મિવ પ્રયાતિ ઝટિતિ ભ્રશ્યદ્દિશો દ્દશ્યતામ્ ॥**

આ શ્લોક 'નીતિ શતક'માંથી છે અને તેમાં સંચિત પુણ્ય ફલોનું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે આપણાં પૂર્વજન્મોમાં કરેલા પુણ્યકર્મોનાં ફળ આપણે અત્યારે ભોગવવીએ છીએ. તે કર્મોનું પળ તળિયા-ઝાટક થઇ ખલાસ થઇ જશે ત્યારે આપોઆપ બધા જ ભોગ-વિલા, એશઆરામ, સુખસુવિધા, માન-પાન-સન્માન આપોઆપ વેરવિખેર થઇ જશે.

**અર્થ :** સફેદ આરસન વિશાળ બંગલો-મહાલય, સંપૂર્ણ વિલાસવાન-સૌંદર્યવતી સુંદરીઓ-સફેદ છત્રથી શોભાયમાન ઉજ્જવળ લક્ષ્મી અર્થાત્ પરિશ્રમ-આવડત અને બુદ્ધિ-સાહસ દ્વારા પ્રાપ્ત થયેલી શુભલક્ષ્મી આ બધું જયાં સુધી પૂર્વજન્મોનાં સંચિત પૂણ્ય-કર્મોના ફળ મળતાં રહે છે ત્યાં સુધી જ છે. જેવા સંચિત પુણ્યોની પૂર્ણાહુતિ થાય અને નામશેષ થઇ જાય કે નાશ થાય કે તરત જ ગમે તેવો ઉત્કટ પ્રેમ-સંબંધ કેમ ના હોય છતાં પણ કલહ થઇ જાય છે. સુખસુવિધાઓ-ભોગ-વિલાસ બધું જ જેમ મોતીની માળાનો દોરો તુટી જાય અને મોતીઓ વેરવિખેર થઇ જાય તેમ બધું જ બધી દિશામાં વિખેરાઇ અલોપ થઇ જાય છે.

## સુવિચાર

- મન ને કોઇ સમાધાન ફાવતું જ નથી, મનને હંમેશા અતિશયોક્તિમાં જ રસ છે, રજનું ગજ કરવું.. અને કંઇક સમસ્યાઓ, ચિંતા, શંકા જન્માવવાનું ગમે છે **- માનસ સૂત્ર**
- ત્યાગમાં ભક્તિ ઉમેરાય ત્યારે આનંદ પ્રગટે છે, પથ્થરમાં ભક્તિ ઉમેરાય ત્યારે શાલિગ્રામ બને છે **- ગુણવંત શાહ**
- જીવનથી ડરો નહીં.. હંમેશા માનો કે જીવન જીવવા જેવું છે અને થોડા વખતમાં તમે જોશો કે તમારી એ માન્યતા જ એ હકીકતને જન્મ આપશે **- ફેલ્સી જ્હોન**
- દુઃખી થવાનો ઉપાયો : બીજા તમને સુખી કરે તેની રાહ જોયા કરો, હંમેશા ગંભીર બની રહો **- જ્ઞાન સૂત્ર**
- જે પરિશ્રમમાંથી આપને પરમ આનંદ થાય છે તે જ આપણા વ્યાધિ માટે રામબાણ દવા છે **- શેક્સપિયર**
- પ્રાણની છેલ્લી અને સર્વોચ્ચ અભિવ્યક્તિ છે 'પ્રેમ', જે ક્ષણે તમે પ્રાણમાંથી પ્રેમનું સર્જન કરવામાં સફળ નીવડો એ જ ક્ષણથી તમે મુક્ત બનો છો **- ઓશો**
- ભૂલ જોવાશે તો ભાંગશે!! ભૂલ જોવાશે નહીં તો કેમની ભાંગશે? **- દાદા ભગવાન**

## બોધ કથા

માણસે વ્યવહારૂં બની મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢવો જોઇએ, સિદ્ધાંતોની હઠને વળગી રહેવું કે કર્મકાંડ-વિધિવિધાનને જ પકડી રાખવાં યોગ્ય નથી.

એક પૂજારી ચૂસ્ત કર્મકાંડી-વેદાંતી-શાસ્ત્રજ્ઞ હતા. એક મંદિરમાં પૂજારી હતા. મંદિરમાં મોંઘી આરસની દિવ્યમૂર્તિ હતી અને પૂજારીની શ્રદ્ધા ભક્તિનાં પ્રભાવે એમાં વિશેષ દિવ્યતા ઉમેરાઇ હતી.

એકવાર મૂર્તિ હાથમાં નવડાવતાં અને લૂછતાં હાથમાંથી છટકી, મૂર્તિનો પગ ભાંગી ગયો, પૂજારીને અફસોસ થયો. ટ્રસ્ટીઓને બોલાવ્યાં અને કહ્યું મૂર્તિ 'ખંડિત' થઇ કહેવાય. હવે પૂજામાં ન રખાય, દિવ્ય-મોંઘી મૂર્તિ આમ કાઢી નાખવા ટ્રસ્ટીઓ સંમત ન થયા. હાલ તૂરત તો તેના જાણકાર પાસેથી મૂર્તિનો પગ સંધાવી જેવી હતી તેવી કરાવી લીધી અને પૂજામાં રાખી, પૂજારીનું મન માનતું નો'તું..

.. ત્યાં ઘેર જઇ ખબર પડી, પોતાની વ્હાલસોઇ પુત્રી ધાબેથી પતંગ ચઢાવતાં પડી ગઇ છે અને પગે પ્લાસ્ટર આવ્યું છે, પૂજારી રડતી આંખે પુત્રીના પ્લાસ્ટરવાળા પગ પર હાથ ફેરવતો હતો. અને મનમાં 'ખંડિત' મૂર્તિનો વિચાર ઝબકી ગયો..

સાંજે મંદિરમાં આરતી કરવા ગયો. પહેલાં જેવાં જ પ્રેમ અને ભક્તિથી ખંડિત મૂર્તિની આરતી કરી, દિવ્ય મૂર્તિ પણ જાણે એની સામે 'સ્મિત' કરતી આનંદ વ્યક્ત કરતી હતી.

Email - sureshchandrabhatt18@gmail.com

# જેના પ્રેમ અને ત્યાગના લેખાજોખાં ન થઇ શકે તેવી ઐશ્વરીય અનુભૂતિ કરાવતી મા પણ વિશાળ આકાશ અને સૌરમંડળનું મનમોહક સૌંદર્ય પોતાના શીતલ અને પવિત્ર જળમાં ઝીલી લેતાં માન સરોવર જેવું જ અલૌકિક અને પવિત્ર શબ્દતીર્થ છે

## શબ્દ સમીપે

**- નટવર હેડાઉ**

મા એ સૃષ્ટિનું એકમાત્ર શાશ્વત સત્ય છે. મા વ્યક્તિ નહીં વ્યક્તિત્વ છે. મા એ સ્થૂળ નહીં સૂક્ષ્મતમ તત્ત્વ છે. માતા સહનશીલતાનો સાગર અને મનોબળનો મેરૂ છે. માનું હૃદય પ્રેમનું મંદિર હોય છે. મા ની આખોમાં ક્ષમા અને કરૂણા વહે છે. મા બે હાથ વડે અભયદાન અને વરદાન આપે છે. મા ના બે ચરણ સમતા અને મમતામાંથી બનેલાં છે. મા એટલે ક્ષમા. મા એટલે અખૂટ વાત્સલ્યનો નિઃસ્પૃહ ઝરો.

દેવાત્મા હિમાલયના પવિત્ર અને શાતાદાયક ક્ષેત્રમાં કૈલાસની સંનિધિમાં બ્રહ્માએ પોતાની મનોશક્તિ દ્વારા ઉત્પન્ન કરેલ માન સરોવર આધ્યાત્મિક તીર્થ છે. માન સરોવરની ઉત્પત્તિ ભૂમિ પણ ગણાય છે. એ રીતે એ પણ મા છે.

જેના પ્રેમ અને ત્યાગના લેખાજોખાં ન થઇ શકે તેવી ઐશ્વરીય અનુભૂતિ કરાવતી મા પણ વિશાળ આકાશ અને સૌરમંડળનું મનમોહક સૌંદર્ય પોતાના શીતલ અને પવિત્ર જળમાં ઝીલી લેતાં માન સરોવર જેવું જ અલૌકિક અને પવિત્ર શબ્દતીર્થ છે.

હાં, આજે મારે તમને એક એવા પુસ્તકની વાત કરવી છે જેમાં મા નું મહાત્મ્ય માન સરોવર સાથે કરવામાં આવ્યું છે. મા, તું માન સરોવર ભાગ-૧-૨ પુસ્તકોનું સંપાદન જાણીતા કવિ 'બેઝાર' સાસ્તાપુરી એટલે કે હસમુખ શાહ દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતના પ્રાચીન, અર્વાચીન, લબ્ધ પ્રતિષ્ઠિત અને નવોદિત તમામ કાવ્યસર્જકોની રચનાઓ ને સમાવીને મા ના મહાત્મ્યનો અભિવ્યક્તિને જનસમાજ અને સહૃદય વાચકો સુધી પહોંચાડવાનું એક અપ્રતિમ કાર્ય સંપાદકે કર્યું છે.

### કવિતાઓનાં સંગમ તીર્થ સમી માતૃતીર્થના માનસરોવરની યાત્રા એ લઇ જતું અનોખું સંપાદન




આ સંગ્રહના પ્રથમ ભાગમાં અછાંદસ, ગઝલ, નઝમ, મુક્તક, શેર, ગીત, સોનેટ અને છાંદસ એ રીતે આઠ કાવ્ય પ્રકારોમા ૯૫ જેટલાં કાવ્ય સર્જકોની કૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જયારે બીજા ભાગમાં લઘુરચનાઓનો સમાવેશ કરી બીજી ૮૪ રચનાઓ સંપાદકે ઉપલબ્ધ કરાવી આપી છે.

માતાની મહત્તા ગાતાં કાવ્યોનાં સંપાદનનું સત્કાર્ય અનેક કાવ્યપ્રેમીઓ એકર્યું છે. તે માત્ર ગુજરાતી કે ભારતીય ભાષાઓમાં જ નહીં વિશ્વ સાહિત્યમાં પણ ભાવપ્રણવ હૃદયે ઘણું લખાયું છે. બાળક એ માની કવિતા છે. મા કાવ્યરચના માટે સનાતન વિષય છે. પ્રેમાનંદથી માંડીને આજ સુધીના કવિઓએ માતૃપ્રેમના સનાતન ભાવને જુદી જુદી અભિવ્યક્તિથી નવાજ્યો છે. જેને યાદ કરતાં આંખો ભીની થાય અને જેને ગુણગાથાના અનેક ગીતો, અનેક ગ્રંથો રચાયા છતાં એમ કહી શકાય કે તેને નખશિખ ઉતારી શકાય એવી ભાષા નથી. ગુજરાતી ભાષામાં માતૃભક્તિથી છલકતી અનેક નોંધપાત્ર કૃતિઓ જોવા મળતી હોવા છતાં એકનો વધારો શા માટે? એવો પ્રશ્ન થવો સ્વાભાવિક છે. પરંતુ માતૃપ્રેમ કેવલ લેખન કે આલેખન નથી પણ માતૃભાવ પ્રગટાવવાની તીવ્ર તાલાવેલી છે. જેની આજે ખુબ જ જરૂરિયાત છે. તેથી માને માતૃદિન (મધર્સ ડે) સુધી સીમિત કરી દેનાર કે તેની સાથે ઠંડી ક્રૂરતા આચરી વૃદ્ધાશ્રમ ને હવાલે કરી દેનાર આજના કપરા અને હાઇટેક મીડિયાના યુગમાં આવ સુંદર પુસ્તકનું પ્રકાશન કરવું એ સાહસ નહીં પણ સત્કાર્ય છે જે 'બેઝારે' કરી બતાવ્યું છે.

આ સંપાદનમાંથી કેટલીક મનગમતી કાવ્ય કૃતિઓમાંથી એવી પંક્તિઓ તમે પણ માણો તે માટે ગમતાનો ગુલાલ કરવા આ પંક્તિઓ ખાસ તમારા માટે મુકું છું. અહીં કવિ બોટાદકરનું ખુબ જાણીતું ગીત છે.

"મીઠા મધુ ને મીટા મેહુલા રે લોલ,
એથી મીઠી છે મોટી માત રે,
જનનીની જોડ સખી નહિ જડે રે લોલ..."

તો કવિ ન્હાનાલાલમાં ને કાવ્યમાં આ રીતે બિરદોવે છે તેઓની પંક્તિઓ છે કે -

"નથી આશા વિના આયુ, નથી ડાળી વિના ફૂલ
નથી પૃથ્વી વિના પાયો, નથી માતા વિના ફૂલ"

તો કવિ મકરંદ દવેની આ પંક્તિઓ પણ જરૂર તમને સ્પર્શી જશે.

"હાડ હાડમાં હેત ભર્યું જેને, વેણ વેણ વરદાન,
દેખ ઘેરઘેર એજ બિરાજે, ભૂતળમાં ભગવાન"

તે વળી, વેણીભાઇ પુરોહિતની આ રચના તો મને ખુબ જ ગમી ગઇ છે. તમે પણ તેનો રસાસ્વાદ માણો મને ખાત્રી છે કે તમને એ જરૂરથી ગમશે.

"એક જ અક્ષર અજર અમર છે, એક જ મંત્ર છે - મા,
માતાના લાલન પાલનમાં સૌ પામે છે શાતા,
દેવોએ દીધેલું અમૃત દુનિયા એ કયાં પીધું?
માતાની મમતાનું અમૃત સૌએ ચાખી લીધું!"

અહીં એક વાંચો ને બીજી ભૂલો તેવી અનેક સુંદર રચનાઓ છે પણ તે બતી તો કંઇ મુકી શકાય નહીં તે માટે તો તમારે આ પુસ્તક મેળવવું જ રહ્યું. હા, આપણા ગાંધીનગરના રચનાકારોની રચનાઓની થોડીક પંક્તિઓ અહીં મુકી આપું છું.

★ "હું - તું બનીને જનમ્યો, જીવું,
તારી મારીનું અભિવ્યક્ત સંગ,
હવે મને કયાંથી મળશે 'આયો બેટા' નો,
છલકાતો માતૃત્વ સંગ?"
**(કિશોરસિંહ સોલંકી)**

★ "એ જવા પણ ગઇ હશે ત્યાંથી
એની નિર્વ્યાજ નજર
અને વાત્સલ્ય ભર્યું હૈયું
મારા પારણા ફરતે
લક્ષ્મણ રેખા દોરી ચોકી કરતું હશે"
**(ગિરા પિનાકીન ભટ્ટ)**

★ "જે કંઇ પૂછયા વિના, કંઇ કહ્યા વિના,
પામી જાય છે સર્વ.
અને છતાં
જેનું ભાવ વિશ્વ એવું જ ભીનું ને સુવાળું રહે છે,
- એ મા હોય છે"
**(પ્રજ્ઞાબહેન પટેલ)**

★ "બા
હવે મેઘધનુષ્ય જેવી થતી જાય છે,
જોવા જઇએ તો
એના પ્રત્યેક રંગ અલગ
અથવા
એકબીજામાં ભળી જતા ભણાય
કયારેક અને છેડાની બીજા છેડા સુધી
વિસ્તરેલા ખોળામાં લઇ લેતી હોય
એવુંય લાગે,
પણ એને અડકી ન શકાય,"
**(હર્ષદ ત્રિવેદી)**

"અમે બંધિયાર પાણી જેવાં તું ખળખળ વહેતું ઝરણું,
ડૂબતા હોઇએ તારે અમને તારા પ્રેમનું તરણું,
અમે ઘોરતા ભરનિંદરમાં, તુ જાગે સારી રાત,
તારાં જૂનાં વસ્ત્રોમાં તું સંતાડે ઘરની લાજ,"
**(ફિલિપ કલાર્ક)**

(અનુસંધાન પાના નં. ૬ પર)

# જાગરણમાં વ્રત કરનારા અને ન કરનારા પણ ભાગ લે છે, જેટલા વધુ લોકો હોય એટલી જાગરણની મજા વધુ આવે છે

## હું રસ્તે રઝળતી વારતા

**- અચના પટેલ**

ભારતીય સંસ્કૃતિમાં યુવતીઓ અને મહિલાઓ માટે ઘણાં વ્રત છે. પરિણિતા અને અવિવાહિતા બંને આ વ્રત કરે છે. દરેક જુદા જુદા કારણોસર વ્રત કરે છે. અમુક યુવતીઓને વ્રતમાં સારૂં સારૂં ખાવાનું ગમે છે તો અમુકને જાગરણ કરવાનું ગમે છે. યુવતીઓને જોઇને નાની બાળાઓને પણ વ્રત કરવાની ઇચ્છા થઇ આવે છે. પરંતુ તેમની માતાઓ તેમને વ્રત રાખવાની પરવાનગી આપતી નથી. કારણ કે નાની બાળાઓ માટે પાંચ દિવસના ઉપસાસ વધારે થઇ પડે. પરંતુ જાગરણમાં તેઓને કોઇ ના નથી કહી શકતું.

ભારતમાં દરેક તહેવારોની ઉજવણીની અલગ જ મજા છે. અલુણા અને જયા પાર્વતી જેવા વ્રત માત્ર યુવતીઓ અને મહિલાઓ માટે જ છે. પાંચ દિવસના ઉપવાસ અને પાંચમા દિવસે આખી રાતનું જાગરણ હોય છે. પાંચ દિવસમાં યુવતીઓ સૌથી વધુ મજા જાગરણના દિવસે કરે છે. જાગરણમાં વ્રત કરનારા અને ન કરનારા પણ ભાગ લે છે. જેટલા વધુ લોકો હોય એટલી જાગરણની મજા વધુ આવે છે.

પહેલાંની ગોરીઓ વ્રતનાં પાંચેય દિવસોને રોમાંચક બનાવતી હતી. તેઓ પાંચ દિવસમાં ગામની નજીકનાં પાંચ માતાજીઓનાં મંદિર નક્કી કરે. પાંચેય દિવસે એક એક મંદિરે ચાલીને જાય અને ચાલીને આવે. આવી રીતે વ્રતને સાર્થક કરતી હતી. જાગરણમાં આખી રાત રંગત જમાવવા ભજનો અને માતાજીની વાર્તાઓ થતી હતી. અમુક જગ્યાઓએ હજુ પણ આ જ પદ્ધતિથી જાગરણ થાય છે એવું નથી કે બધા જ ગામડે આવી રીતે જાગરણ થતું. અમુક યુવતીઓ ગામની નજીકનાં સુંદર વિસ્તારોમાં ફરવા જવાનું આયોજન કરતી હતી. આ પાંચ દિવસ યુવતીઓનાં ગણાય છે. કોઇ તેમને ના કહીને નારાજ કરવાનું પાપ માથે નથી લેતું. યુવતીઓ પણ તેમનો સારો ફાયદો ઉઠાવી ફરવાની મજા માણે છે.

વધુ લોકો હોય તો જાગરણને એકદમ યાદગાર બનાવી શકાય. સૌથી પહેલા તો જાગરણમાં કંઇ કઇ રમતો રમી શકાય? વધારે લોકો હોય તો તમારી પાસે મોટા મેદાનમાં રમી શકાય તેવી રમતો છે. આપણી પાછળની પેઢીમાં લોકપ્રિય રમતોની ભરમાર છે. તમે તમારા દાદી અથવા મમ્મીના મોંએ તેમના બાળપણનાં સંભારણા સાંભળ્યા હશે. મેદાનમાં રમાતી રમતમાં પકડ દાવ, સાંકળી, સંતાકૂકડી, ચાર ગોઠલો, આંબલી પીપળી, સાત ટીકડી વગેરે રમતનો સમાવેશ થાય છે.

પકડદાવ રમવામાં અને સમજવામાં સૌથી સરળ છે. એક જણને દાવ આપવાનો અને બાકીના બધાને તેનાથી દૂર ભાગવાનું. દાવ આપનાર જયારે બધા જણને પકડી પાડે ત્યારે તેનો દાવ પૂરો ગણાય અને સૌથી પહેલાં જે પકડાયું હોય તે વ્યક્તિને દાવ આપવાનો. બસ, આમ આ રમત ચાલ્યા જ કરે.

સાંકળી રમવાની બહુ જ મજા આવે. આ બધાને એક થઇને રમવું પડે. આમાં પણ એક જણ દાવ આપે અને તમારે બાકીના બધા દોડતાં લોકોને પકડવાનાં. અહીં પકડ દાવની જેમ પકડાયેલી વ્યક્તિએ બેસી ન જતાં દાવ આપનારાનો હાથ પકડીને સાંકળી બનાવવાની. જેમ જેમ પકડાતા જાય તેમ તેમ સાંકળી લાંબી થતી જાય. જયારે બધા પકડાઇ જાય ત્યારે સાંકળી પૂરી થઇ જાય. પકડદાવની જેમ આમાં પણ જે પહેલાં પકડાયું હોય તેમણે ફરી સાંકળીનો દાવ શરૂ કરવો. આવી રીતે આ રમત પણ જેટલા સમય સુધી રમવી હોય એટલા સમય સુધી રમી શકાય.

સંતાકૂકડી રમત તો આજે પણ જાણીતી છે. એવું ન વિચારતા કે આ રમતો બાળકો જ રમી શકે. જાગરણનાં દિવસે આ રમતો રમવાથી તમારી નાનપણથી જૂની યાદ તાજા થઇ જશે. તેમજ તમને તમારી એનર્જીનો ખ્યાલ આવશે. એક જણ દાવ આપે અને બાકી બધા સંતાઇ જાય. દાવ આપનાર વ્યક્તિ બધા સંતાયેલા લોકોને શોધી ન લે ત્યાં સુધી એકનો એક દાવ ચાલે. તે દરમિયાન જો કોઇ સંતાયેલી વ્યક્તિ બહાર આવીને છપ્પો કરે તો દાવ આપનાર વ્યક્તિને ફરીથી દાવ આપવો પડે.

આંબલી પીપળીનું નામ પડે એટલે બાળપણ ખૂબ જ યાદ આવે. ત્રીજા કે ચોથા ધોરણમાં ભણતા હતા ત્યારે ગુજરાતી વિષયમાં આંબલી પીપળી રમવા માટે તમે શરીરે ખડતલ હોવા જોઇએ. આ રમત રમવાની પહેલી શરત એટલી કે ઝાડ પર ચડતા આવડવું જોઇએ. પીપળાના કે વડનાં ઝાડની નીચી ડાળીઓ હોય તેવી જગ્યા પસંદ કરવી. તે જગ્યા રમત માટે અનુકૂળ રહેશે. ઝાડની નીચે એક ગોળ કુંડાળું બનાવવું. તેમાં એક વ્યક્તિને હાથમાં દંડ લઇને ઊભાં રહેવાનું, પછી તે દંડને દૂર ફેંકવાનો અને દાવ આપનાર બાકીનાં બધાએ ઝાડ પર ચઢી જવું. દાવ આપનારી વ્યક્તિ કુંડાળામાં પાછી આવી દંડને ત્યાં ખૂંપાણી બધાને પકડવા ઝાડ પર ચઢે. હવે બાકીના લોકોએ રમતની મજા લેવા તેના હાથમાં આવવું નહીં. ઝાડની એક ડાળીએથી બીડી ડાળીઓ આસાનીથી જઇ શકાય તેવી જગ્યા જ પસંદ કરવી. દાવ આપનાર કોઇને પકડે તે પહેલાં જો કોઇ પણ કુંડાળામાં પડેલાં દંડને ફેંકી દે તો દાવ આપનાર વ્યક્તિને ફરીથી તે દંડને લેવા દોડવાનું આવી રીતે આ રમત ચાલ્યા જ કરે. જગ્યા જ પસંદ કરવી. દાવ આપનાર કોઇને પકડે તે પહેલાં જો કોઇ પણ કુંડાળામાં પડેલાં દંડને ફેંકી દે તો દાવ આપનાર વ્યક્તિને ફરીથી તે દંડને લેવા દોડવાનું. આવી રીતે આ રમત ચાલ્યા જ કરે.

સાત ટીકડી રમત પણ ખૂબ જ જાણીતી અને લોકપ્રિય છે. તમે હમ દિલ દે ચૂકે સનમ ફિલ્મ જોઇ જ હશે. ફિલ્મમાં ઐશ્વર્યા રાયની એન્ટ્રી યાદ આવી કે નહીં? એ જોઇને તો આપણને પણ તે રમત રમવાનું મન થઇ જાય. કપડાં કે રૂનાં દડાથી લાકડાની સાત ટીકડીઓને પાડી દેવાની અને પછી ભાગવાનું, દાવ આપનારી વ્યક્તિને સાત ટીકડીઓની ગોઠવણ થવા નહીં દેવાની અને દડો કોઇને પણ પીઠ પર કે શરીરના કોઇ પણ અંગ પર તે મારવામાં કામિયાબ થાય એટલે તે વ્યક્તિ આઉટ ગણાય. આ બધી જ મેદાનમાં રમાતી અને લાંબો સમય સુધી ચાલતી રમતો છે પહેલાં તો મનોરંજનની સારી સગવડો ન હતી. પરંતુ આજકાલ ખાસ કરીને વ્રતનાં જાગરણ નિમિત્તે થિયેટરમાં રાતનાં બારથી ત્રણના ફિલ્મ શો પણ યોજાય જો નવી ફિલ્મ જોવા બહાર જવું હોય તો તમે અગાઉથી થિયેટરમાં ટિકીટ બુક કરાવી શકો છો. જો બહાર ન જવું હોય તો ફિલ્મની ડીવીડી ભાડે મગાવીને ઘરે પણ મજા માણી શકો છો. જાગરણના દિવસે દૂરદર્શન પર પણ પારિવારિક ફિલ્મનું પ્રસારણ કરવામાં આવે છે. તમે તે ફિલ્મ પણ જોઇ શકો છો. જાગરણને યાદગાર બનાવવા માટે ઘરમાં બેસીને રમી શકાય એવી રમતો જેવી કે અંતાક્ષરી, ચોપાટ પણ છે.

# અનંતને ધર્મપત્નીનો પ્રસ્તાવ સ્વીકાર્યા સિવાય છૂટકો જ નો'તો કારણ કે સ્ત્રી હઠનો પુરેપુરો જાણકાર હતો, અલ્કા ટ્રેનિંગમાં જાય છે તે પહેલાં બે દિવસ અગાઉ સાસુજીની પધરામણી થઇ જાય છે, આ બે દિવસમાં દૂધ, અનાજ, શાકભાજી વિગેરે કયાંથી લાવવાની ટ્રેનિંગ અલ્કાએ તેની મમ્મીને આપી દીધી

## 'આજની પાઉં-ભાજી ઘરે'

### હાસ્ય લઘુકથા

**- નિરંજન ઓઝા**

ભાવનગર જીલ્લાના ઉમરાળા ગામે ઘનશ્યામ રાવલ છેલ્લા ચાર વર્ષથી કુટુંબકબીલા સાથે રહે છે. તેઓ સર્કલ ઓફિસમાં સર્વિસ કરે છે અને બે વર્ષ પછી નિવૃત્ત થવાના છે. ઘનશ્યામભાઇ સ્વભાવે ખૂબ જ સરળ તથા માયાળુ છે અને બીજાને મદદરૂપ થવાય તેવી લાગણીવાળા છે તેમને તેમના જેવો જ સ્વભાવવાળો પુત્ર નામે અનંત છે જે હાલમાં એસ.વાય.કોમર્સમાં અભ્યાસ કરી રહ્યો છે. ઘનશ્યામભાઇની એવી ઇચ્છા ખરી કે પોતે નિવૃત્ત થાય તે પહેલાં તેમનો પુત્ર ભણી લે તેમજ સર્વિસમાં કોઇ ઠેકાણે ગોઠવાય જાય જેથી અનંત બાર ધોરણ પાસ કરીને, સર્વીસ માટે અરજી કરતો રહેતો હતો. આવા ઘનશ્યામભાઇનો એક મિત્ર નામે રમણલાલ ભાવનગર નજીકના શિહોર ગામમાં રહેતો હતો. તે પણ ઘનશ્યામભાઇ જેમ સ્વભાવે સરળ પરંતુ તેમના ધર્મપત્ની રમીલાબેન ચબરાક તથા જમાનાના અનુભવી. આ રમણલાલને બે દીકરી મોટી અલ્કા તથા બીજા નંબરની રીન્કુ. અલ્કાએ પી.ટી.સી. પરીક્ષા પાસ કરી હતી અને તે પણ સર્વીસની શોધમાં પતી જયારે બીજી દીકરીએ ધોરણ ૧૦મું પાસ કર્યા પછી કોમ્પ્યુટરનો કોર્સ જોઇન કર્યો હતો. ઘનશ્યામભાઇની ઇચ્છા એવી હતી કે તેના પુત્ર અનંતનું વેવિશાળ, રમણલાલની મોટી દીકરી અલ્કા સાથે કરવું અને તેને વહુ તરીકે ઘરે લાવવી. આ વિચારે એક વખત ઘનશ્યામભાઇ તેમના ધર્મપત્ની સાથે રમણલાલને ત્યાં અનંતના માંગા માટે જાય છે. રમણલાલ વિચાર કરીને જણાવશે તેવો પ્રત્યુત્તર આપેલ હતો.

કારણ કે રમણલાલને ઘર તથા અનંત જેવો મૂરતીયો યોગ્ય લાગ્યો હતો. થોડા દિવસ પછી રમણલાલ તેમની સંમતિ હકારમાં મોકલાવે છે તે પ્રમાણે અનંત-અલ્કાનું વેવિશાળ નક્કી થાય છે. થોડા સમયમાં એટલે કે અનંતનું છેલ્લું વર્ષ અભ્યાસનું હોવાથી ત્યારબાદ લગ્ન કરવાનું નક્કી થાય છે. સમયન્તે લગ્ન લેવાય છે અને અનંત-અલ્કા લગ્નગ્રંથિથી જોડાઇ જાય છે લગ્નના થોડા સમય પછી અનંત સર્વીસની શોધમાં હોય છે. ત્યારે એક દિવસ ભાવનગર શહેરના લોખંડ બજારમાં આવેલ મેસર્સ રણુજા સ્ટીલ માર્કેટની દુકાનમાં સર્વીસ માટેની ઓફર આવે છે અને અનંત તેનો સ્વીકાર કરે છે તેથી ઘનશ્યામભાઇ અનંતને ભાવનગરમાં સ્થાયી કરવા માટે કુટુંબ સાથે આવે છે. લોખંડ બજારની નજીકમાં જ અનંત અલ્કા સાથે ભાડે રાખેલ મકાનમાં નિવાસ કરે છે. થોડા સમય પછી અલ્કાએ પીટીસી પરીક્ષા પાસ કરી હોવાથી, નજીકની એ.બી.સ્કૂલમાં શિક્ષીકા તરીકે સર્વીસ મળી જાય છે. અનંતે સર્વીસમાં બે વર્ષ પુરા કરે છે. જયારે અલ્કા શિક્ષિકા તરીકે એક વર્ષ એક વર્ષ સર્વીસમાં પુરા કરે છે. અલ્કાને હવે અમદાવાદ નજીક આવેલ બોપલમાં અઠવાડિયાની ટ્રેનિંગ આવે છે તેથી અલ્કાની ગેરહાજરીમાં શું કરવું તે બંને જણા વિચારતાં હોય છે. અનંતની ઇચ્છા તેના બાજુના મકાનમાં રહેતા લક્ષ્મીબેન ટીફીન સેવા કરે છે અને ટીફીન પણ ઘરે આપી જતા હોય છે. તેથી તેનું ટીફીન બંધાવી લેવા આગ્રહ કરે છે જેનો સ્વીકાર અલ્કા કરતી નથી કારણ કે બહારનું ખાવાથી તબિયત બગડે તેમ તે માનતી હતી, ત્યારે બીજો પ્રસ્તાવ અનંત મુકે છે કે તારી બહેને એસ.એસ.સી. બોર્ડની પરીક્ષા પસાર કરી છે અને કોમ્પ્યુટર કરે છે અને સર્વીસની શોધમાં છે તેથી અઠવાડિયું તેને બોલાવી લેવી, પરંતુ તેનો પણ સ્વીકાર અલ્કા કરતી નથી અને જણાવે છે કે હૈયું બાળવું તેના કરતાં હાથ બાળવા યોગ્ય છે. મેં નક્કી કરી નાખ્યું છે કે એક અઠવાડિયા માટે મારા માતૃશ્રી તેમજ તમારા સાસુજીને બોલાવી લેવા અને તેને માટે કાલે જ હું પત્ર લખીશ.

અનંતને ધર્મપત્નીનો પ્રસ્તાવ સ્વીકાર્યા સિવાય છૂટકો જ નો'તો કારણ કે સ્ત્રી હઠનો પુરેપુરો જાણકાર હતો, અલ્કા ટ્રેનિંગમાં જાય છે તે પહેલાં બે દિવસ અગાઉ સાસુજીની પધરામણી થઇ જાય છે. આ બે દિવસમાં દૂધ, અનાજ, શાકભાજી વિગેરે કયાંથી લાવવાની ટ્રેનિંગ અલ્કાએ તેની મમ્મીને આપી દીધી.

અલ્કા ટ્રેનિંગમાં પ્રયાણ કરે છે અને સાસુમાનું રાજ શરૂ થાય છે. આગમનના બે ત્રણ દિવસ પછી, સાસુમા જમાઇરાજને કહે છે કે બે ત્રણ દિવસમાં તમને પૌંઆબટેટાં, ઉપમા, ઢોકળા, ચિવડો વિગેરે તમને મનભાવતી વાનગીઓ ખવડાવી, બોલો જમાઇ રાજ ગળપણમાં તમને શું ભાવે છે તે કહો?

તમે જે ગળપણમાં ખવડાવશો તે ખાઇશ બા.

શું કહ્યું 'બા? શું હું તમને બા જેવી લાગુ છું, તમને કોઇ 'કાકા' કહે તો કેવું લાગશે? માટે મને 'બા' નહીં પરંતુ મમ્મજી અથવા મમ્મી કહીને બોલાવશે તો ગમશે. બોલો ગળપણમાં શિરો ભાવે તો કાલે શિરો કરીશ, તેને માટે ઘી, બદામ, કાજુ, દ્રાક્ષ વિગેરે લઇ આવજો.

બીજે દિવસે અનંતરાય ૨૦૦ ગ્રામ ઘી, ૧૦૦-૧૦૦ બદામ, કાજુ, દ્રાક્ષ લઇ આવે છે.

આ શું લઇ આવ્યા છો જમાઇરાજ? આટલું ઓછું ઓછું તો લવાય. આ બધી વસ્તુઓ તો કિલો કિલો કે ૫૦૦ ગ્રામ લવાય કારણ કે ઘરમાં હોય તો કામ લાગે, સાસુમાં ઉવાચ.'

સાંભળી અનંતરાય મનોમન વિચારવા લાગ્યા કે સાસુમા લાંબો સમય રહેશે તો અમને બેને એક મહિનો ચાલતી વસ્તુઓ, બે દિવસમાં પુરી કરી દેશે, પરંતુ અનંતરાય લાચાર હતા.

એક દિવસ પછી અનંતરાય મોડી રાત્રે બાથરૂમ જવા ઉઠે છે. નિદરમાંને નિદરમાં, ભૂલથી અલ્કાની રૂમમાં સુતેલા સાસુમાના રૂમમાં જતાં રહે છે જયાંથી થોડા સમય પછી ધીમી ચીસ સંભળાય છે અને આપણે જાણીએ છે કે અંધકાર એક અનેક રહસ્યોનો ખજાનો છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)